# IIT-Gnમાં દેશના 35 રિસચર્સ બ્લેક હોલ પર ચર્ચા કરશે

સિટી રિપોર્ટર | અમદાવાદ

'બ્લેક હોલ અને ગુરુત્વાકર્ષણ તરંગો' વિષય પર આઈઆઈટી ગાંધીનગરમાં પાંચ દિવસિય વર્કશોપનો ગઈકાલથી પ્રારંભ થયો. આ વર્કશોપમાં ફિજિક્સ ઓફ બ્લેક હોલ પર ભારતના 35 રિસચર્સ IIT-Gnમાં ભેગા થયા છે. જેઓ બ્લેક હોલ સાથે અવકાશમાં માનવ જીવનની શક્યતાઓ અને નવા ગ્રહો વિશે ચર્ચા કરશે. આ વર્કશોપ અંગે વાત કરતા IIT-Gnના સુદિપ્તા સરકારે કહ્યું કે, ' બ્લેક હોલ એ ગુરુત્વાકર્ષણના આઈન્સ્ટાઈનના સિદ્ધાંતોની એક વિચિત્ર આગાહીઓમાંની એક છે. જેમાં રહસ્યોની સાથે સર્જનની વાત છે. બ્લેક હોલ આજે પણ એક રહસ્ય છે. જેમાં ઘણું કામ કરવાનું બાકી છે.

Title: 35 researchers will discuss on Black Hole at IITGN
Source: Divya Bhaskar (City Bhaskar; Pg. no. 1)
Date: 16-12-2017